ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ચરોતરમિત્ર

૮ | સોમવાર ૧૬ નવેમ્બર, ૨૦૨૬ | આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | વીરપુર | સંતરામપુર

ભાજપ શાસિત આણંદ જી પં.ના પ્રમુખપદે ચૂંટાયેલા મયુરીબેન પટેલના રાજીનામા બાદ ઉપપ્રમુખ જીલુભા સિંધાને પ્રમુખનુ સુકાન સોંપાયું

હાઈકોર્ટના ચુકાદાથી ગણતરીના દિવસોમાં જ આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખપદનું રહસ્ય ખૂલશે!

ચૂંટણી અધિકારીએ ભાજપનાં મયુરીબેન પટેલનું ઉમેદવારીપત્ર અમાન્ય જાહેર કરતાં કાયદાકીય રીતે ગૌરીબેન તડવી પ્રમુખપદ માટે લાયક ઠર્યાં હતાં.

(પ્રતિનિધિ) આણંદ તા ૧૫

આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખપદને લઈને લાંબા સમયથી ચાલી રહેલો કાનૂની અને રાજકીય વિવાદ હવે નિર્ણાયક તબક્કે પહોંચ્યો છે. ગુજરાત હાઈકોર્ટમાં પ્રમુખપદની ચૂંટણી અને ઉમેદવારીપત્રની માન્યતાને લઈને ચાલી રહેલા કેસની સુનાવણી પૂર્ણ થઈ છે. આગામી દિવસોમાં હાઈકોર્ટ પોતાનો ચુકાદો જાહેર કરે તેવી શક્યતા હોવાથી જિલ્લા પંચાયતના સભ્યો સહિત ભાજપ અને કોંગ્રેસના રાજકીય વર્તુળોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

અત્રે નોંધનીય છે કે, આણંદ જિલ્લા પંચાયતના પ્રથમ અઢી વર્ષના પ્રમુખપદ માટે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા અનુસૂચિત આદિજાતિ મહિલા બેઠક જાહેર કરવામાં આવી હતી. આ બેઠક માટે કોંગ્રેસનાં ગૌરીબેન તડવી અને ભાજપનાં મયુરીબેન પટેલે ઉમેદવારીપત્ર ભર્યાં હતાં. જોકે, ચૂંટણી અધિકારીએ ભાજપનાં મહિલા ઉમેદવાર મયુરીબેન પટેલનું ઉમેદવારીપત્ર અમાન્ય જાહેર કરતાં કાયદાકીય રીતે ગૌરીબેન તડવી પ્રમુખપદ માટે લાયક ઠર્યાં હતાં. બીજા દિવસે તેઓ પ્રમુખપદનો ચાર્જ સંભાળવાના હતાં, તે દરમિયાન ભાજપ દ્વારા મોડી સાંજે ગુજરાત હાઈકોર્ટમાં રિટ દાખલ કરીને મયુરીબેનનું ઉમેદવારીપત્ર માન્ય રાખવા રજૂઆત કરવામાં આવી હતી.

હાઈકોર્ટે મયુરીબેન પટેલનું ઉમેદવારીપત્ર માન્ય રાખવાનો હુકમ કરતાં બહુમતીના આધારે તેઓ પ્રમુખપદે ચૂંટાયાં હતાં. જોકે, પ્રમુખપદે સત્તારૂઢ થયાના ગણતરીના દિવસોમાં જ મયુરીબેન પટેલે રાજીનામું આપી દેતાં જિલ્લા પંચાયતના સત્તાકીય માળખામાં ફરી એકવાર ફેરફાર થયો હતો. ત્યારબાદ ઉપપ્રમુખ તરીકે ચૂંટાયેલા જીલુભા સિંધાને પ્રમુખપદનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો.

બીજી તરફ, મયુરીબેનના ઉમેદવારીપત્રને માન્ય રાખવાના હાઈકોર્ટના હુકમ સામે કોંગ્રેસ દ્વારા સ્પેશિયલ એપ્લિકેશન દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં વારંવાર મુદતો પડતી હતી. દરમિયાન છેલ્લે ગત છઠ્ઠી નવેમ્બરના રોજ યોજાયેલી સુનાવણીમાં બંને પક્ષના વકીલો હાજર રહ્યા હતા. હાઈકોર્ટ દ્વારા વધુ મુદત આપવામાં આવી ન હતી અને કેસની કાર્યવાહી પૂર્ણ થયાનું જણાવી આગામી દિવસોમાં ચુકાદો જાહેર કરાશે તેમ જણાવાયું હતું. જેને પગલે હવે આ વિવાદનો આખરી નિર્ણય શું આવશે તે અંગે રાજકીય ચર્ચાઓએ જોર પકડ્યું છે.

હાલ જિલ્લા પંચાયતના પ્રમુખપદનો ચાર્જ ઉપપ્રમુખ પાસે છે અને બીજી તરફ મૂળ ચૂંટણીનો વિવાદ હાઈકોર્ટમાં અંતિમ તબક્કે પહોંચ્યો છે.

પૂરતા સ્ટાફના અભાવે માત્ર આંકડાકીય કામગીરી પૂરતું સીમિત રહી જવાની આશંકા

માત્ર બે કર્મચારીઓના સહારે આણંદની નિરંતર શિક્ષણની કચેરી

આણંદ જિલ્લામાં નિરક્ષરોનો સર્વે કરી સાક્ષર બનાવવાની વ્યાપક કામગીરીમાં કર્મચારીઓ ઘટ પડતાં હાલાકી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૫

આણંદ જિલ્લામાં નિરક્ષરોને સાક્ષર બનાવવાના અભિયાન વચ્ચે નિરંતર શિક્ષણ અધિકારીની કચેરીમાં કર્મચારીઓની ભારે અછત જોવા મળી રહી છે. લાંબા સમય સુધી મુખ્ય અધિકારીનું પદ ખાલી રહેતાં ચાર વર્ષ સુધી કચેરી ઈન્ચાર્જ અધિકારીના ભરોસે ચાલી હતી. ગત જાન્યુઆરીમાં મુખ્ય અધિકારીની નિમણૂક થયા બાદ પણ હાલમાં એક ક્લાર્ક અને એક મુખ્ય અધિકારી મળી માત્ર બે કર્મચારીઓ સમગ્ર કચેરીની કામગીરી સંભાળી રહ્યા છે.

જિલ્લામાં સાક્ષરતા અભિયાન અંતર્ગત નિરક્ષરોનો સર્વે કરી તેમને સાક્ષર બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં સાક્ષરતા મિશન ઓથોરિટીની મહત્વપૂર્ણ બેઠકમાં પણ મહત્તમ નિરક્ષરોને સાક્ષર બનાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જોકે, સમગ્ર જિલ્લામાં નિરક્ષરોને શોધવા, તેમની યાદી તૈયાર કરવા, તેમને પ્રોત્સાહિત કરવા અને પરીક્ષા માટે નજીકની શાળા સુધી લાવવા જેવી વ્યાપક કામગીરી માત્ર બે કર્મચારીઓના સહારે કરવી મુશ્કેલ બની રહી છે. પૂરતા સ્ટાફના અભાવે સાક્ષરતા અભિયાન માત્ર આંકડાકીય કામગીરી પૂરતું સીમિત રહી જવાની આશંકા પણ વ્યક્ત થઈ રહી છે. નિરક્ષરો માત્ર સહી કરતાં થાય એટલું જ નહીં, પરંતુ રીતે વાંચન અને લેખન કરી શકે તેવા પ્રયાસો જરૂરી છે. આ માટે કચેરીમાં પૂરતો સ્ટાફ ફાળવી અભિયાનને અસરકારક બનાવવાની માંગ વ્યક્ત કરવામાં આવી છે.

નડિયાદ મચ્છીના વેપારીપર ચપ્પુથી હુમલો થતા ફરિયાદ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧૫

નડિયાદ મચ્છી માર્કેટમાં મચ્છીનો વ્યાપાર કરતાં યુવકને પૈસાની લેવડ દેવડ બાબતે ઝઘડો કરી ચપ્પુ મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

નડિયાદ અમદાવાદી બજાર મચ્છી માર્કેટમાં રહેતો અર્શ ઉર્ફે મચ્છી ફરીદભાઈ સૈયદ ઉ.વ.૨૪ મચ્છીનો વ્યાપાર કરી પરિવારનું જીવન નિર્વાહ કરે છે. અર્શના મોબાઈલ પર ધ્રુવ દરબારે ફોન કરી જણાવેલ કે તારી બે લાખ બેતાલીસ હજાર રૂપીયાની બાકીની ઉઘરાણી બાબતની વાત આવેલ છે જેથી અર્શએ મારી આ રૂપિયાની ઉઘરાણીની બાબત તને કોણે આપી છે તેમ પૂછતા ધ્રુવના ફોન ઉપરથી સાહુ ઉર્ફે શિવમ કહેવા લાગેલો કે તન્જીમબાનુ સૈયદે મારી મમ્મી પાસે પચાસ હજાર રૂપિયા લીધેલા છે અને આજે તન્જીમ સૈયદ મારા ઘરે આવીને અમને કહેવા લાગેલ કે હું અર્શ સૈયદ પાસે બે લાખ બેતાલીસ હજાર માગું છું એટલે તમો આ અર્શ પાસેથી 50 હજાર રૂપિયા લઈ લેજો. સાહુએ અર્શને કહેલ કે તું મને પચાસ હજાર રૂપિયા આપી દે તેમ જણાવ્યુ હતું. ઝપાઝપી કરી અર્શને જમણા ખભાની પાછળના ભાગે તથા ડાબા હાથની કોણીના આગળના ભાગે ચપ્પુ માર્યું હતું. આજે તો તું બચી ગયો છુ ફરી મળીશ તો તને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા. આ બનાવ અંગે નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

યુરિયા માટે હવે ઓનલાઈન નોંધણી ફરજિયાત, ખેડૂતોને ભારે મૂંઝવણ

જમીન અને વાવેતરના આધારે જ ખાતરનો જથ્થો ફાળવાશે

(પ્રતિનિધિ) આણંદ તા ૧૫

ચરોતર પંથકમાં રવિ સિઝન દરમિયાન તમાકુ અને ઘઉંના વાવેતર સાથે યુરિયા ખાતરની માંગમાં વધારો થતો હોય છે. ત્યારે આ વર્ષે ખેડૂતોને યુરિયા ખાતર મેળવવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત બનશે. સરકારની નવી વ્યવસ્થા હેઠળ ખેડૂતની ખેતીની જમીન અને તેમાં કરાયેલા વાવેતરના આધારે જ યુરિયા ખાતરનો જથ્થો નક્કી કરવામાં આવશે. સમગ્ર રવિ સિઝન માટે નિર્ધારિત કરવામાં આવેલા આ જથ્થા કરતાં વધુ ખાતર ખેડૂતોને મળી શકશે નહીં.

સબસિડીવાળા યુરિયા ખાતરના બેફામ ઉપાડ અને ખેતી સિવાયના અન્ય હેતુઓમાં થતા ઉપયોગને અટકાવવાના હેતુથી સરકારે આ વ્યવસ્થા અમલી બનાવી છે. જોકે, ખાતરના વપરાશ પર નિયંત્રણ લાવવાના આ નિર્ણય સામે ખેડૂતોમાં નવી મુશ્કેલીઓ ઊભી થવાની ભીતિ સેવાઈ રહી છે. ખાસ કરીને નાના અને સામાન્ય ખેડૂતો માટે ઓનલાઈન નોંધણીની પ્રક્રિયા મુશ્કેલીરૂપ બની શકે છે.

ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ અનેક ખેડૂતો સ્માર્ટફોનનો ઉપયોગ કરતા નથી અથવા તો ઓનલાઈન પ્રક્રિયાથી પૂરતા પરિચિત નથી. અગાઉ ખાતરની જરૂરિયાત ઊભી થાય ત્યારે નાણાં ચૂકવીને સહકારી મંડળી કે ખાતર વિક્રેતા પાસેથી તાત્કાલિક ખાતર મેળવી શકાતું હતું. પરંતુ હવે ઓનલાઈન માંગણી અને જથ્થાની ફાળવણીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ ખાતર મળી શકશે. ખેતીમાં પાકને સમયસર ખાતર આપવું જરૂરી હોય છે ત્યારે નોંધણી કે ફાળવણીમાં વિલંબ થાય તો પાકના વિકાસ અને ઉત્પાદન પર તેની અસર થવાની ચિંતા ખેડૂતોને સતાવી રહી છે.

ચરોતર વિસ્તારમાં અનેક ખેડૂતો માલિકીની જમીન ઉપરાંત અન્ય ખેડૂતોની જમીન સાંથે અને ગીરો રાખીને ખેતી કરતા હોય છે. આવા કિસ્સામાં જમીનના રેકોર્ડ અને ખેડૂત રજીસ્ટ્રેશનના આધારે ખાતરનો જથ્થો ફાળવવાની વ્યવસ્થામાં વાસ્તવિક ખેડૂતને મુશ્કેલી પડી શકે છે. વિદેશમાં વસવાટ કરતા જમીનમાલિકોની જમીન ખેડતા ખેડૂતો માટે પણ ખાતર મેળવવાની પ્રક્રિયા જટિલ બનવાની શક્યતા છે.

આમ, સબસિડીવાળા ખાતરના દુરુપયોગને અટકાવવાનો સરકારનો હેતુ આવકારદાયક હોવા છતાં ઓનલાઈન નોંધણી, જમીનના રેકોર્ડ અને વાવેતરના આધારે જથ્થાની ફાળવણીની નવી વ્યવસ્થામાં વાસ્તવિક ખેડૂતને મુશ્કેલી ન પડે તે માટે સરળ વિકલ્પ અને યોગ્ય વ્યવસ્થા ઊભી કરવા માગ ઊઠી રહી છે. નહિતર ખાતરના બેફામ ઉપાડને અટકાવવાના પ્રયાસ વચ્ચે જરૂરિયાતમંદ જ મુશ્કેલીમાં મુકાય તેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે

આણંદ ખાતે 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૫

કરમસદ-આણંદ મહાનગરપાલિકા દ્વારા ટાઉન હોલ, આણંદ ખાતે આદિવાસી સમાજના મહાન સ્વાતંત્ર્ય સેનાની અને જનનાયક ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે 'જનજાતીય ગૌરવ દિવસ-૨૦૨૬'ની ભવ્ય અને પ્રેરણાદાયી ઉજવણી ખેડાના સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણ અને કરમસદ-આણંદ મહાનગરપાલિકાના મેયરશ્રી દિપીકાબેન પટેલની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીના આ કાર્યક્રમમાં આદિવાસી સમાજના ઉત્થાન, સંઘર્ષ અને તેમના બલિદાનને યાદ કરી તેમના આદર્શોને જન-જન સુધી પહોંચાડવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વક્તાઓએ ભગવાન બિરસા મુંડાના સંઘર્ષમય જીવન, શૌર્ય, રાષ્ટ્રભક્તિ અને આદિવાસી સમાજના હક્કો તથા અસ્મિતાના રક્ષણ માટેના તેમના અમૂલ્ય યોગદાન પર વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો.

આ કાર્યક્રમમાં મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રી આર.એન.ડોડીયા, ડેપ્યુટી મેયરશ્રી કમલેશભાઈ ડાભી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી મયુરભાઈ સુથાર તેમજ મહાનગરપાલિકાના કોર્પોરેટરશ્રીઓ, અધિકારીઓ તેમજ આણંદ જિલ્લામાં રહેતા આદિજાતિ સમાજના ભાઈઓ અને બહેનો તથા મોટી સંખ્યામા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

ઝારોલા હાઈ.ના વિદ્યાર્થીઓએ જરૂરિયાતમંદોના ઘરે વાનગીઓ પહોંચાડી અનોખી દિવાળી ઉજવી

બોરસદ | બોરસદ તાલુકાના ઝારોલા ગામની હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ અનોખી રીતે દિવાળીની ઉજવણી કરી હતી. દિવાળી વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ જૂથ બનાવી ગામમાંથી દિવાળી વાનગીઓ એકત્રિત કરી હતી. આ વાનગીઓ અત્યંત નબળી આર્થિક સ્થિતિ ધરાવતા પરિવારોને પ્રેમપૂર્વક અર્પણ કરીને બીજાના ઘરમાં ઉજાસ અને ખુશીઓ ફેલાવી સાચા અર્થમાં દિવાળી ઉજવી હતી. આ સરાહનીય સેવાકાર્ય બદલ શાળાના આચાર્યશ્રી ધર્મેશભાઈ પટેલ તથા એમ.ડી. નવીનભાઈ પટેલે તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.



કપડવંજના ઉત્કટેશ્વર ખાતે સવાસો ગોળ પંચાલ સમાજનો પાંચમો સ્નેહમિલન સમારોહ યોજાયો

કપડવંજ | ઉત્કટેશ્વરના બોભા સ્થિત વિશ્વકર્મા મંદિર ખાતે શ્રીસવાસો ગોળ પંચાલ સમાજનો પાંચમો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં કથાકાર ઋષિકુમાર અને સંજયભાઈ પંચાલ પ્રમુખ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગોવિંદભાઈ પંચાલ, ભાવનાબેન તથા સમાજસેવક રમેશભાઈ ગજ્જરની હાજરી વચ્ચે ઉપસ્થિત મહેમાનોએ સમાજના લોકોને આશીર્વાદ પાઠવ્યાં હતાં. આ સ્નેહમિલનના મુખ્ય દાતા ભાનુભાઈ બાબાભાઈ પંચાલ અને અન્ય દાતાઓના સહયોગથી તેજસ્વી તારલાઓ તેમજ સરકારી નોકરીમાં નવિયુક્ત થયેલાઓનું ઇનામ આપી સન્માન કરાયું હતું. સમાજના વડીલો, યુવાનો અને બહેનોની બહોળી ઉપસ્થિતિ રહ્યાં હતાં.



કપડવંજ બ્રહ્માકુમારીઝ કેન્દ્ર પર દિવાળી, નૂતન વર્ષ અને ભાઈબીજની હર્ષોલ્લાસ સાથે અનોખી ઉજવણી

કપડવંજ | કપડવંજ સ્થિત બ્રહ્માકુમારીઝ કેન્દ્ર પર દિવાળી, નવું વર્ષ અને ભાઈબીજ તહેવારોની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. બ્રહ્માકુમારી માલાબેને અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ જવા અને સાયન્સના ચક્રવ્યૂહમાંથી સાઇલેન્સ તરફ આગળ વધવા પ્રેરણા આપી હતી. તેમણે પોઝિટિવ વિચારોથી જીવનની સાચી યોજનાઓ બનાવવા અને તકરારમુક્ત જીવન જીવવા માટે સર્વને નૂતન વર્ષાભિનંદન પાઠવ્યા હતા. બ્રહ્માકુમારી કલાવતીબેન અને પૂજાબેનની ટીમના ભગીરથ પુરુષાર્થથી યોજાયેલા આ મનભાવન આયોજનમાં મોટી સંખ્યામાં ભાઈ-બહેનો સંગઠિત રૂપે ઉપસ્થિત રહ્યા હતા.



કપડવંજ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં નવા વર્ષે ૯૫૧થી વધુ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ



કપડવંજ | કપડવંજમાં રત્નાકર માતા રોડ પર સ્થિત બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે નવા વર્ષ નિમિત્તે ભવ્ય અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના યુવક મંડળ અને સત્સંગી મંડળના ૧૫૦થી વધુ ભાઈઓ-બહેનો દ્વારા ઘરે બનાવેલી ૯૫૧થી વધારે વાનગીઓ ભગવાને ધરાવવામાં આવી હતી. બપોરે ૧૨ વાગ્યાની પ્રથમ આરતી બાદ દર એક કલાકે આરતી યોજીને તમામ દર્શનાર્થીઓને અન્નકૂટનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

કપડવંજ ખાતે કોંગ્રેસના સ્નેહ મિલન કાર્યક્રમમાં સામાજિક કાર્યકર રવિભાઈ બારૈયા કોંગ્રેસમાં જોડાયા

કપડવંજ | કપડવંજ મુકામે ભાઈબીજના પાવન પ્રસંગે શહેર અને તાલુકા કોંગ્રેસના કાર્યકરોનો નૂતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમ ઉત્સાહ અને પ્રેમભાવ સાથે યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સૌ કાર્યકરોએ એકબીજાને મળીને નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરી નવા જોશ અને સંકલ્પ સાથે આગળ વધવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. આ શુભ પ્રસંગે કપડવંજ તાલુકાના મહેમદપુરા ગામના અગ્રણી સામાજિક કાર્યકર રવિભાઈ બુધાભાઈ બારૈયા કોંગ્રેસ પરિવારમાં જોડાયા હતા. તાલુકા કોંગ્રેસ પ્રમુખ રંજીતસિંહ પરમાર અને શહેર કોંગ્રેસ પ્રમુખ નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં બિમલભાઈ શાહે તેમને કોંગ્રેસનો ખેસ પહેરાવી આવકાર્યા હતા.



નડિયાદ બીએપીએસ મંદિરમાં શાસ્ત્રોક્ત વિધિથી ચોપડા પૂજન સંપન્ન કરાયાં

નડિયાદ | નડિયાદ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર યોગી ફાર્મ ખાતે દિવાળીના પાવન પર્વ નિમિત્તે શુભ મુહૂર્તમાં શાસ્ત્રોક્ત વિધિથી ચોપડા પૂજન યોજાયું હતું. હરિભક્તોએ લક્ષ્મીજી, ગણેશજી અને કુબેર દેવની વિધિવત પૂજા-અર્ચના કરી, કંકુ-ચોખાથી સ્વસ્તિક બનાવી નવા ચોપડાના શ્રીગણેશ કર્યા હતા. બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર સાથે કરાવાયેલી પૂજા વિધિ દરમિયાન બજારોમાં અને હરિભક્તોમાં ઉત્સાહભર્યો માહોલ જોવા મળ્યો હતો. સંતો દ્વારા નવા વર્ષમાં વેપારમાં વૃદ્ધિ તથા સુખ-શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે તે માટે ખાસ પ્રાર્થના કરવામાં આવી હતી.



સોજિત્રા ધારાસભ્ય વિપુલભાઈ પટેલે ઋણજની શાળાને એક માસનું વેતન અર્પણ કર્યું



સોજિત્રા | સોજિત્રા વિધાનસભાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલ પોતાને મળતું માસિક વેતન દર મહિને વિવિધ શૈક્ષણિક તેમજ આરોગ્ય સંસ્થાઓમાં અર્પણ કરે છે. તે અંતર્ગત સોજીત્રા તાલુકાના ઋણજ ગામે આવેલી શાન્તાબેન સોમાભાઈ પટેલ વિદ્યા મંદિરને આ સહાય પૂરી પાડવામાં આવી છે. ગોકુલધામ નારના કોઠારી સંત પરમ પૂજ્ય સુકદેવ પ્રસાદ સ્વામીના હસ્તે ધારાસભ્યના એક માસના વેતનનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ ચેક શાળા મંડળના પ્રમુખ તથા આચાર્યને વિધિવત રીતે સુપ્રત કરાયો હતો.

ચારુસેટમાં મધ્ય અને પૂર્વ ગુજરાત માટે રિજનલ ઇનોવેશન સેન્ટરની સ્થાપના કરાશે



આણંદ | ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની પહેલ હેઠળ ચારુસેટ યુનિવર્સિટીની પસંદગી મધ્ય અને પૂર્વ ગુજરાત માટે રિજનલ ઇનોવેશન સેન્ટર (RIC) સ્થાપવા માટે કરવામાં આવી છે. આ સેન્ટરના સ્થાપના અને સંચાલન માટે નાણાકીય વર્ષ 2026-27 હેતુ યુનિવર્સિટીને રૂ. 15 લાખની ગ્રાન્ટ સહાય મંજૂર કરાઈ છે, જેનું સન્માન પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલ અને CIVF હેડ ડો. સ્વાતિ જોશીએ સ્વીકાર્યું હતું. આ સન્માન વિતરણ સમારોહમાં કેબિનેટ મંત્રી અર્જુનભાઇ મોઢવાડિયા સહિત સાયન્સ એન્ડ ટેકનોલોજી તથા વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આણંદ ડિસ્ટ્રિક્ટ વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપ સંપન્ન: વિજેતાઓને મેડલ્સ એનાયત

આણંદ | આણંદના લાયન્સ ક્લબ હોલ ખાતે વાડોકાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ડિસ્ટ્રિક્ટ વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં આણંદ જિલ્લાની વિવિધ શાળાઓ અને વર્ગોના ૨૨૫ કરાટેકાઓએ કુમિત્તે તથા ૯૩ કરાટેકાઓએ કાતા ઇવેન્ટમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સમાપન સમારોહમાં ટેકનિકલ ડાયરેક્ટર શિહાન જિગ્નેશ ઠક્કર અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિજેતા ખેલાડીઓને મેડલ્સ એનાયત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર સ્પર્ધાનું સફળ સંચાલન સ્પર્ધાના નિયામક સેનસાઈ હવ્ય ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું.



આણંદ શહેરના રોકડીયા હનુમાનજી મંદિરે ભવ્ય કાળી ચૌદશ મહોત્સવ ઉજવાયો

આણંદ | આણંદ સ્થિત પ્રસાદીના રોકડીયા હનુમાનજી મંદિરે વડતાલ ગાદીના આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના આશીર્વાદ અને મહંત ભક્તવત્સલદાસજી સ્વામીના આયોજન હેઠળ ભવ્ય કાળી ચૌદશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ મહોત્સવમાં સવારે મંગળા આરતી તથા અભિષેક બાદ સવારે ૮:૩૦ કલાકે મારૂતી યજ્ઞનો પ્રારંભ થયો હતો અને બપોરે ૧૨:૩૦ કલાકે અન્નકૂટની આરતી યોજાઈ હતી. સાંજે ૫:૩૦ કલાકે પ.પૂ. આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ, ચેરમેન ડો. સંતવલ્લભદાસજી તથા સંતોના વરદ હસ્તે શ્રીફળ હોમી યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. રાત્રે શયન આરતી બાદ મહોત્સવમાં પધારેલા વિશાળ સંખ્યાના ભક્તજનોને મંદિર સમિતિ દ્વારા ખમણ-બુંદીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

સંતરામપુર ખાતે કેબિનેટ મંત્રીના અધ્યક્ષસ્થાને 'જનજાતીય ગૌરવ દિવસ' યુવા સંમેલન યોજાયું

સંતરામપુર | ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે 'જનજાતીય ગૌરવ સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત સંતરામપુરના નગરપાલિકા હોલ ખાતે કેબિનેટ મંત્રી શ્રી કુંવરજી બાવળિયાના અધ્યક્ષસ્થાને યુવા સંમેલન યોજાયું હતું. આ કાર્યક્રમમાં મંત્રીએ આદિવાસી યુવાનોને શિક્ષિત બનવા, વ્યસનમુક્ત રહેવા અને 'જળ-જંગલ-જમીન'નું જતન કરી 'વિકસિત ભારત ૨૦૪૭'ના નિર્માણમાં સક્રિય યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવાર, ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, જિલ્લા વિકાસ અધિકારી સહિતના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં આદિવાસી યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com